
# ડેન્ગ્યુ માટે નવી વેક્સીન TAK-003

Science Capsule

વિજ્ઞાનની રોચક જાણકારી

## ડેન્ગ્યુ શું છે? તે થવાના કારણો અને લક્ષણો



**ડેંગવેક્સિયા (Dengvaxia) અથવા CYD-TDV**

(WHO દ્વારા પ્રીક્વોલિફિકેશન મેળવનારી વિશ્વની સૌપ્રથમ વેક્સીન)

**DNA આધારિત વેક્સિન શું હોય છે? કેવી રીતે કામ કરે છે?**

**વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન – World Health Organization (WHO)**

દરેક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પુંછાઈ શકે એવી ખુબ જ અગત્યની જાણકારી

Most IMP for GK and Competitive Exams

GK GUJARAT.COM
Knowledge is Power




**આ તમામ માહિતી PDFમાં ડાઉનલોડ કરવાની લિંક આ વિડીયોની ડિસ્ક્રીપ્શનમાં આપેલી છે.**

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

- 10 મે, 2024 ના રોજ, ડેન્ગ્યુ માટેની નવી વેક્સીન 'TAK-003' ને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) તરફથી પૂર્વ-યોગ્યતા (Pre-Qualification) આપવામાં આવી હતી.
- આ વેક્સીન ક્યુડેંગા (Qdenga)ના નામથી ઓળખાય છે.



Knowledge is Power
GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

- ફાર્મા કંપની સનોફી પાશ્ચર (Sanofi Pasteur) દ્વારા વિકસિત ડેંગવેક્સિયા (Dengvaxia) અથવા CYD-TDV પછી WHO દ્વારા પ્રીક્વોલિફિકેશન મેળવનારી આ બીજી ડેન્ગ્યુ વેક્સીન છે.
- ટાકેડા (Takeda) દ્વારા વિકસિત આ વેક્સીન જીવંત-ક્ષીણ વેક્સીન (Live-Attenuated Vaccine) છે.




Knowledge is Power
GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

- આ વેક્સીનમાં ડેન્ગ્યુ થવા માટે જવાબદાર હોય તેવા વાયરસના ચાર સેરોટાઈપ્સ (serotypes)ના નબળા સંસ્કરણો આવેલા હોય છે.
- આ વેક્સીન બે ડોઝમાં આપવામાં આવે છે, જે ચારેય પ્રકારના ડેન્ગ્યુ સામે રક્ષણ પૂરું પાડે છે.
- ડેન્ગ્યુ વાયરસના ચાર પ્રકાર છે - DEN-1, DEN-2, DEN-3 અને DEN-4.



GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

- Takeda Pharmaceutical Co., Ltd. (Takeda) એ સંશોધન-આધારિત જાપાનની ફાર્માસ્યુટિકલ કંપની છે જે ફાર્માસ્યુટિકલ દવાઓની શોધ, વિકાસ, ઉત્પાદન, માર્કેટિંગ અને વ્યાપારીકરણ તેમજ આયાત અને નિકાસ અંગેનું કાર્ય કરે છે.
- આ કંપની સિનોફાર્મ અને શાંઘાઈ ફાર્માસ્યુટિકલ્સ પછી એશિયાની ત્રીજી સૌથી મોટી ફાર્માસ્યુટિકલ કંપની છે.

Takeda



GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

- WHO દ્વારા ડેન્ગ્યુના ઊંચા પ્રમાણ વાળા વિસ્તારોમાં રહેતા 6થી 16 વર્ષની ઉંમરના બાળકો માટે આ વેક્સીન (TAK-003)નો ઉપયોગ કરવાની ભલામણ કરી છે.
- અભ્યાસોએ જણાવ્યું છે કે ટેકેડાની વેક્સીન લોકોને ડેન્ગ્યુ થાય તો હોસ્પિટલમાં દાખલ થવાથી રોકવામાં લગભગ 84 ટકા અસરકારક છે અને લક્ષણોને રોકવામાં લગભગ 61 ટકા અસરકારક છે.



GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

### ડેન્ગ્યુ શું છે? તે થવાના કારણો અને લક્ષણો

- ડેન્ગ્યુ એ એડીસ મચ્છરના કરડવાથી થતો વાયરલ ચેપ છે.
- જે ડેન્ગ્યુ વાયરસ (જીનસ ફ્લેવીવાયરસ- Genus Flavivirus) દ્વારા થાય છે.



- આ વાયરસ જીનસ એડીસ (Genus Aedes) જાતિના મચ્છરોની વિવિધ પ્રજાતિઓ દ્વારા ફેલાય છે.
- જેમાં એડીસ એજિપ્ટી (Edes aegypti) મુખ્ય મચ્છર છે.

GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

### ડેન્ગ્યુ શું છે? તે થવાના કારણો અને લક્ષણો

- આ મચ્છર ચિકનગુનિયા (Chikungunya) અને ઝિકા ચેપ (Zika Infection)નું કારણ પણ બને છે.
- ડેન્ગ્યુ રોગના લક્ષણોમાં અચાનક ઉંચો તાવ, સખત માથાનો દુખાવો, આંખમાં દુખાવો, હાડકાં, સાંધા અને સ્નાયુઓમાં તીવ્ર દુખાવો વગેરે મુખ્ય છે.



Knowledge is Power
GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

### ડેંગવેક્સિયા (Dengvaxia) અથવા CYD-TDV

(WHO દ્વારા પ્રીક્વોલિફિકેશન મેળવનારી વિશ્વની સૌપ્રથમ વેક્સીન)

- ડેંગવેક્સિયા (Dengvaxia) અથવા CYD-TDV WHO દ્વારા પ્રીક્વોલિફિકેશન મેળવનારી વિશ્વની સૌપ્રથમ ડેન્ગ્યુ વેક્સીન છે.
- આ વેક્સીન બનાવનાર સનોફી પાશ્ચર એ ફ્રેન્ચ બહુરાષ્ટ્રીય ફાર્માસ્યુટિકલ કંપની સનોફીનો વેક્સીન વિભાગ છે.



Knowledge is Power
GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

### ડેંગવેક્સિયા (Dengvaxia) અથવા CYD-TDV

**(WHO દ્વારા પ્રીક્વોલિફિકેશન મેળવનારી વિશ્વની સૌપ્રથમ વેક્સીન)**



- સનોફી પાશ્ચર એ વિશ્વની સૌથી મોટી કંપની છે જે સંપૂર્ણપણે વેક્સીન બનાવવા માટે જ કાર્યરત છે.
- CYD-TDV અથવા ડેંગવેક્સિયાને યુએસ ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન દ્વારા 2019 માં મંજૂરી આપવામાં આવી હતી, જે અમેરિકામાં નિયામક મંજૂરી મેળવનારી પ્રથમ ડેન્ગ્યુ વેક્સીન છે.

Knowledge is Power

GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

### ડેન્ગ્યુ માટે ભારતની પ્રથમ DNA આધારિત વેક્સિન



- ઈન્ડિયા નેશનલ સેન્ટર ફોર બાયોલોજિકલ સાયન્સના સંશોધકોએ ભારત, આફ્રિકા અને યુએસમાં અન્ય નવ સંસ્થાઓ સાથે મળીને ડેન્ગ્યુ તાવની સારવાર માટે ભારતની પ્રથમ અને એકમાત્ર DNA વેક્સિન વિકસાવી છે.
- ઉંદર પરના પ્રારંભિક પ્રયોગોમાં આ વેક્સિન મજબૂત રોગપ્રતિકારક લક્ષણો દેખાડી શકી છે તેમજ રોગના સંપર્કમાં આવ્યા પછી જીવિત રહેવાના દરમાં પણ વધારો કરી શકી છે.


Knowledge is Power

GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

### DNA આધારિત વેક્સિન શું હોય છે? કેવી રીતે કામ કરે છે?




- DNA વેક્સિન DNAના નાના સેગમેન્ટનો ઉપયોગ કરે છે જે ચોક્કસ એન્ટિજેન માટે કોડ બનાવે છે.
- જેથી વાયરસ અથવા બેક્ટેરિયા જેવા પેથોજેન સામે રોગપ્રતિકારક શક્તિ ઉત્પન્ન થઈ શકે.
- DNA સીધા શરીરના કોષોમાં દાખલ કરવામાં આવે છે, જ્યાં તે કોશિકાઓને એન્ટિજેન્સ બનાવવા માટે સૂચના આપે છે.

GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

### DNA આધારિત વેક્સિન શું હોય છે? કેવી રીતે કામ કરે છે?



- રોગપ્રતિકારક તંત્ર એન્ટિજેનને બાહ્ય પદાર્થ તરીકે ઓળખે છે તેથી તેની સામે રોગપ્રતિકારક પ્રતિક્રિયા તંત્ર વિકસાવે છે.
- ત્યારબાદ વિશિષ્ટ રોગપ્રતિકારક શક્તિનો વિકાસ થાય છે.
- DNA વેક્સિન એ ત્રીજી પેઢીની વેક્સિન છે.
- DNA-આધારિત COVID-19 વેક્સિન ZyCoV-D વિશ્વની પ્રથમ આ પ્રકારની વેક્સિન છે.
- આ વેક્સિન ભારતમાં જ ભારતીય ફાર્માસ્યુટિકલ કંપની કેડિલા હેલ્થકેર દ્વારા વિકસાવવામાં આવી હતી.

GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

### વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન – World Health Organization (WHO)

- વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) એ વિશ્વમાં આરોગ્ય સંબંધિત કાર્ય માટે જવાબદાર આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- તેની સ્થાપના 7 એપ્રિલ, 1948ના રોજ થઈ હતી.
- તેનું મુખ્ય મથક જીનીવા, સ્વિટ્ઝર્લેન્ડમાં છે.
- આ સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર (United Nations)ની એક ખાસ એજન્સી છે. તેના 194 સભ્ય દેશો અને બે સહયોગી સભ્યો છે.
- ભારત પણ તેનો સભ્ય દેશ છે.

World Health Organization

Knowledge is Power
GK Gujarat.Com

## ડેન્ગ્યુ માટે નવી વેક્સીન : TAK-003 સંપૂર્ણ જાણકારી

Science Capsule

**સામાન્ય જ્ઞાનના અને સ્પર્ધાત્મક તૈયારી માટેના વિડીયો જોવા માટે અમારી YouTube Channel GK Gujarat.Comની મુલાકાત લો.**

https://www.youtube.com/@GKGujarat.Com1/featured

**સામાન્ય જ્ઞાનના પ્રશ્નો, લેખો અને PDF સ્ટડી મટીરીયલ્સ મેળવવા માટે અમારી વેબસાઈટ www.gkgujarat.com ની મુલાકાત લો**

# આભાર

Knowledge is Power
GK Gujarat.Com